# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૪ • તા. ૨૭ ડિસેમ્બર થી ૨ જાન્યુઆરી ૨૦૨૬



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


## જ્ઞાતિજનોની આકસ્મિક આપદામાં આધારરૂપ જડીબુટ્ટી બનતી


KDO SANJIVANI

# સંજીવની યોજના



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# મધુર અને કઠોર વાણીની અસર

જૈન ધર્મમાં કહ્યું છે કે મન, વચન અને કર્મથી જાણતા કે અજાણતા કોઈને દુ:ખ પહોંચે એવું કરવું નહીં. જીભથી રોજે રોજ સ્થૂળ અને સૂક્ષ્મ હિંસા થતી હોય છે. એટલે શાબ્દિક હિસાને રોકવી જોઈએ. માણસે વાણી પર એટલે કે જીભ પર અંકુશ રાખવો જોઈએ. એવો જ પ્રતિબંધ વિચારો પર પણ રાખવો જોઈએ. કારણ કે વિચાર પ્રેરે છે વાણીને બહાર પ્રગટવાનું. એટલે વિચારો પર લગામ એટલે વાણી પર આપોઆપ લગામ આવી જવાની. એવી જ રીતે સ્વભાવને પણ પોતાના કાબુમાં રાખવો જોઈએ. કોઈની ઉપર ગુસ્સો આવે. રોષ ઊભો થાય ત્યારે માણસ મૌન ધારણ કરે તો ઘણી શાંતિ અને સમતા, સ્થિરતા મળે છે. મૌનથી મન શાંત થઈ જશે, તનાવ ઓછો થઈ જશે. ક્રોધ ઉપર કન્ટ્રોલ લાગી જશે. કોઈ આપણી સામે ગમે તેવું બોલે પણ આપણે જો એ મનમાં ન ધરીએ તો સામી વ્યક્તિનું આ વાણી શસ્ત્ર બુઠ્ઠું થઈ જશે.

પ્રેમ અને સ્નેહ પ્રસારમાં ભાષા કરતા મૌનનું માધ્યમ વધુ અસરકારક અને અર્થપૂર્ણ છે. કારણ કે, તેમાં શબ્દો કરતાં ભાવનું મહત્વ વધુ છે. માણસ જ્યારે મૌન રહે છે ત્યારે તેની આંખો અને ચહેરા પર વધુ ગહન ભાવ રહે છે. આ ભાવ હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલા હોય છે. બોલવા કરતાં ચૂપ રહેવું વધુ મુશ્કેલ છે. તેમાંય ઉશ્કેરણી વચ્ચે મૌન જાળવવું એ ખરી કસોટી છે. ઉગ્રતા વચ્ચે શાંતિ જાળવવા જેવી આ વાત છે. એમાં જ ખરી કસોટી થાય છે. આ ચૂપ રહેવાની કલા જેને આવડી જાય તેને માટે મૌન અદ્દભૂત તાકાત બની જાય. જેનું મૌન મક્કમ અને મજબૂત છે તેની સામે શબ્દો રૂપી શસ્ત્રો હેઠા પડે છે. આપણી ટીકા અને નિંદા કરનારાઓનો મુખ્ય ઉદ્દેશ આપણને દુ:ખી કરવાનો અને વ્યથિત કરવાનો હોય છે. પંરતુ આપણે પ્રતિભાવ ન આપીએ તો આપણી સામે વાણી વિલાસ, વાણી પ્રહાર કરનારના હથિયાર બુઠાં બની જાય છે.

કેટલાક જણ સમય, સંજોગો અને સ્થળનો વિચાર કર્યા વગર ગમે ત્યારે ગમે તેવું બોલી નાખે છે. કટુવાણી માણસને વીંધી નાખે છે. આ કાતિલ ધારવાળા શબ્દોના ઘાવ ઝટ રૂઝાતા નથી. વાણીના વચનોમાં એટલી તાકાત છે કે એ સંબંધોને જોડે છે અને તોડે પણ છે. અન્ય સાથેના વહેવારમાં વાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. સામી વ્યક્તિનું દિલ ઘવાય, તેની અવહેલના થાય કે તેના સ્વમાનને ઊંડો ઘક્કો પહોંચે એવા શબ્દોના તાતા તીર છોડવા ન જોઈએ. મીઠા વેણ સહુ કોઈને ગમે છે. પણ અપમાનજનક કટુ વેણ કોઈને પસંદ ન પડે એ દેખીતું છે. મધુરવાણી એક વશીકરણ મંત્ર જેવી છે. જેનાથી સૌ મોહિત થઈ જાય છે જ્યારે કટુ વચનો કટંક જેવા છે જેની પીડા ન ભૂલાય એવી હોય છે.

– જ્ઞાતિમૈયા

# દાંપત્ય જીવનની સૌરભ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

લગ્ન એટલે બે વિજાતીય વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ માત્ર નથી પરંતુ બે હૃદય, બે વિચાર, બે સંસ્કૃતિ, બે પરંપરા અને વિશેષતઃ બે પરિવાર વચ્ચેનું મિલન છે. શાશ્વત સંબંધ-જોડાણ છે. લગ્નના બે અડગ સ્તંભ પ્રેમ અને સમર્પણ છે. જેના આધાર પર સમગ્ર સંસારિક જીવન દામ્પત્ય જીવન રૂપી મહેલ મજબૂત અને સંતુલિત પણે ઊભો રહે છે. બે અલગ અલગ વિજાતીય પાત્ર, નર અને નારી. જે એકબીજાથી બિલકુલ અજાણ હોય પણ નસીબ યોગે એકવાર મળે અને પછી જન્મોજન્મ સાથે રહેવાના સ્વપ્ના ગુંથે.

અલગ અલગ સંસ્કાર વિચાર અને રહેણી કરેણીથી રંગાયેલા, પોતાની શારીરિક તાસીર અને સ્વભાવવાળા બે પાત્રો જ્યારે પતિ પત્ની તરીકેના સંબંધથી જોડાય છે. આમ દંપતી તરીકેની ઓળખ મેળવે છે. રોજે રોજ કોઈ પણ રીતનો મહાવરો કરતાં જઈએ તે પછી એ ગોઠે પડી જાય સ્વભાવમાં વણાઈ જાય ને ખાસિયત થઈ જાય. એમ બંન્ને એક થયેલ પાત્રો સામેવાળાના રંગે રંગાઈ ઐક્યપણુ બનાવે છે. જીવનમાં કોઈપણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્ન આવશ્યક છે. તેજ રીતે ફક્ત ભાવનાથી નહીં પરંતુ બૌદ્ધિકતાથી પ્રયત્ન કરીએ સ્વને ભુલાવી દઈએ તો દાંપત્યજીવન સુખી બનાવી શકાય છે.

આજના યાંત્રિક યુગમાં જ્યાં સંબંધ તકલાદી થઈ ગયાં છે. જે પળવારમાં જોડાય છે અને તે જ ક્ષણે તૂટી જાય છે. એવા સમયે જીવનસાથી પ્રત્યેનો સંનિષ્ઠ પ્રેમ, સહકાર અને સમર્પણ વધુ અગત્યના બની રહે છે. દાંપત્ય જીવનમાં પ્રેમનો અર્થ માત્ર રોમાંસ ભરી લાગણીઓ પૂરતો ફક્ત નથી. પ્રેમ એ સમજણ, સહાનુભૂતિ, વિશ્વાસ તથા એકમેકની ભૂલોને સ્વીકારી લેવાની સમજણ છે. પ્રેમ એટલે એકબીજાને ખુશી મળે એ માટે પોતાનો સ્વભાવ અને સ્વાર્થને પણ ક્યારે બાજુ પર રાખી દેવાની ભાવના, દંપતી વચ્ચે આત્મીય પ્રેમ અને વિશ્વાસ હોય ત્યારે વિચાર ભેદ, ઝઘડા, મતભેદ અથવા મુશ્કેલીઓ આવવા છતાં સંબંધો તૂટતાં નથી, પરંતુ વધુને વધુ મજબૂત બને છે. ફક્ત સુખ અને આનંદની પળોમાં જ નહી પણ દુઃખ અને સંઘર્ષના સમયકાળમાં પણ જીવનસાથીની હિંમત અને સાથ જીવનની જડીબુટ્ટી બની જાય છે.

દાંપત્યજીવનનું અગત્યનું અંગ છે સમર્પણ. પુરૂષના કર્તવ્ય અને સ્ત્રીના સમર્પણનું સુભગ મિલન સહજીવનમાં સૌરભ પ્રસરાવે છે. અલગ અલગ સૂર જો એક તાલમાં જોડાય તો સરગમ બની જાય છે. જીવન સાથીનો સ્વીકાર પતિ કે પત્ની તરીકે કરતાં પહેલાં તે એક સ્વતંત્ર વ્યક્તિ છે તે રીતે કરવું આવશ્યક છે. દાંપત્ય એટલે ઐક્ય એ સાચું છે પણ તેને જડ રીતે વળગી ન રહેતાં બન્નેને પોતાના માટે આવગો સમય મળે, પોતાની સાથે એકલો રહેવાનો એકાંત મળવું જરૂરી છે. સ્વાર્થ વિહીન વલણ ધરાવવું દાંપત્ય જીવનમાં મહત્વનું અંગ છે. મારું કે તારું કરવા કરતાં આપણું બનીને રહેવું જીવવું સુયોગ્ય સંગાથ બની રહે છે. વ્યસ્ત જીવનશૈલીમાં માનસિક અંતર વધી ન જાય એ માટે એકબીજાને સમય આપવું અગત્યનું છે. એકબીજા પ્રત્યે ક્ષમાની ભાવના પણ જરૂરી છે.

મજબૂત દાંપત્ય જીવન મજબૂત પરિવારનું મૂળ છે. જો પતિ પત્ની વચ્ચે પ્રેમ, સન્માન, સમર્પણ અને ત્યાગની ભાવના હોય તો પરિવારના તમામ સભ્યો વચ્ચે સુમેળ, શાંતિ અને ખુશહાલીનો માહોલ છવાયેલ હોય છે. એકમેકની પ્રત્યેના સ્નેહ ને શબ્દો કરતાં વર્તનમાં વધુ જીવાય ત્યારે સાચું અને સફળ દાંપત્યજીવન બને છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોની આકસ્મિક આપદામાં આધારરૂપ જડીબુટ્ટી બનતી સંજીવની યોજના




રામાયણમાં શ્રીરામ અને રાવણ વચ્ચે ભીષણ યુધ્ધ થઈ રહ્યું હતું. આ ભીષણ જંગમાં રાવણ પુત્ર મેઘનાદે રામબંધુ લક્ષ્મણને શક્તિશાળી બાણ મારી મૂર્છિત કરી દીધા. લક્ષ્મણજીને ઢળી પડતાં જોઈ વાનરસેનામાં હાહાકાર મચી ગયો. લઘુબંધુ લક્ષ્મણની આ અવસ્થા જોઈ પ્રભુશ્રી રામચંદ્ર વિલાપ કરવા લાગ્યા ત્યારે પવનપુત્ર હનુમાને લંકામાંથી સુષેણ વૈદ્યને તેડી લાવ્યા. સુષેણ વૈદ્યએ લક્ષ્મણજીની નાડી તપાસીને ઉપાય બતાવ્યો કે હિમાલયના પાવન પ્રદેશમાં સંજીવની જડીબુટ્ટી થાય છે તે જો સવાર સુધી લાવવામાં આવે તો લક્ષ્મણજી સાજા થઈ શકે.. પણ સવાલ એ થયો કે આટલે દૂર ત્યાં કોણ જઈ શકે? એવું સામ્થર્ય કોણ ધરાવે છે? જેનો ઉકેલ લાવ્યો હનુમાનજીએ રામચંદ્રજીએ હનુમાનજીને આજ્ઞા કરી એટલે હનુમાનજીએ આ મહાકાર્ય સુપેરપણે પાર પાડી સંજીવની જડીબુટ્ટી વૈદ્યરાજજીના હાથમાં લાવી મૂકી જેને કારણે લક્ષ્મણજીની મૂર્ચ્છા વળી અને સ્વસ્થ થયા.

આ જ પ્રકારનું કાર્ય કાર્ય સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સંજીવની યોજના દ્વારા કરી રહી છે જે દ્વારા આપદામાં મુકાતા જ્ઞાતિજનોને સમયસર રીતે સહાય મળે છે. આમ મેડિકલ સમિતિની સંજીવની યોજના ખરેખર જ્ઞાતિજનો માટે સંજીવની છે એ હકીકત છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**




# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank,
Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

# સંજીવની કેસ નં.૨૧૬ માટે જરૂરી ભંડોળ રૂા.૭૨ હજાર ટૂંક સમયગાળામાં એકઠાંથઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું

Samast Mahajan, Sanjivani Initiative

KDO

## CASE No.: 216

### DONATION CLOSED

## Mrs TAMANNABEN VIJAY SHIAL

Age 52 Yrs., Daltungi, Rajkot.

**She is hospitalised for Medical Management of Cerebrovascular stroke with left hemiparesis. Acute kidney injury with left ventricular dysfunction..**



**DONATION CLOSED**

**Rs 72000**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

દલતુંગીના હાલે રાજકોટ નિવાસી ૫૨ વર્ષીય શ્રીમતી તમન્નાબેન વિજય શિયાલને ડાબા હેમીપેસિસ-લકવા સાથે સેરે બ્રોવેસ્ક્યુલર સ્ટ્રોક આવવાને લીધે તાત્કાલિક રીતે હોસ્પિટલાઈઝ કરવામાં આવ્યા. તે ઉપરાંત ડાબા વેન્ટ્રિક્યુલર ડિસફંક્શન સાથે કિડની પર તીવ્ર ઈન્જરી હોવાના સંકેત મળ્યા. નિઃસંતાન એવા તમન્નાબેન અને તેમના પતિ એ બે જણ પરિવારમાં છે. ઘૂંટણની સમસ્યા વશ પતિ ૩ વર્ષથી બેરોજગાર છે. તે અગાઉ તેમની પાસે અખબાર એજન્સી હતી. જે તેઓ ચલાવતા હતા. દંપતીનો કોઈ મેડિક્લેઈમના પીઠબળ નથી જેથી ઉપચાર ઈલાજ માટે ડૉક્ટરો દ્વારા અપાયેલ અંદાજિત ખર્ચ રૂા.૭૨ હજાર જમા કરવાનો પડકાર તેમની સમક્ષ અંતર્ગત અરજી સબ્મીટ કરી જેને કેસ નં.૨૧૬ તરીકે ઓળખ અપાઈ અને ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

આ કેસ તેમજ તેની અગાઉના ૨૧૫ કેસની અરજીઓની જરૂરિયાતની વિવિધ રકમની માંગણી ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ, મહાજનો, એકમ, ટ્રસ્ટ ઈત્યાદિઓ જ્ઞાતિજનોની પીડાને પોતાની સમજી જે મદદ રૂપી સાથ અને હૂંફાળો હાથ આપી મદદરૂપ થયાં છે. જે માનવધર્મની ઉત્તમ મિસાલ છે. શ્રીમતી તમન્નાબેન વિજય શિયાલની પીડા, દર્દને સમજી તેનો સમયસર અને યોગ્ય ઉકેલ જરૂરી રકમ ક્રાઉડ ફંડિગના માધ્યમથી જમા કરી આપીએ સૌની ઉદારભાવે અનુમોદના સાભાર અને વંદના.

# Anumodana

## Sanjivani Case - 210

**Name:Mr. Khushal Premji Shah (Shial)**   **Age : 78 Yrs.**   **Village: Jakhau - Dhamtari (C.G)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 21,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 25,000.00 |
| Shree KDO Jain Sangh - Pune (H: KDO Jain Sangh Pune Committee Members) | 7,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 5,000.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 5,000.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 5,000.00 |
| **Diamond Patron** | |
| Jakhau Ratnatunk Jain Temple & its Sadharan Fund Trust | 5,000.00 |
| Ek Sadgrahasth | 2,500.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla,(Suthri-Mulund (H:Nirenbhai Shah) | 2,500.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwar ) | 2,500.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,500.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,500.00 |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,500.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,500.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,500.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,500.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,500.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,500.00 |
| **Gold Patron** | |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,000.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 2,000.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 2,000.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 2,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,000.00 |
| Shrimati Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Well Wishers | 2,000.00 |
| Shri Rameshbhai ( Kunvarji ) Meghji Mota, Rapar Gadhvari - Mulund | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |

| Silver Patron | |
|---|---|
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,600.00 |
| Late Shrimati Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,500.00 |
| Ek Sadgrahasth | 1,500.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,500.00 |
| Sethshri Champshi Dhanji Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,500.00 |
| Matushri Laxmibai Champshi Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,500.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,500.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,500.00 |
| Shri Kutchi Dasa Oswal Jain Mahajan - Tera | 1,500.00 |
| **Individual Donors** | |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 5,000.00 |
| Shri Dhirish Javerchand Dharamshi, Kothara - Bijapur | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org   Email: Seva@kdosm.org   Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 211

**Name:Mr. Raj Manish Dharamshi**   **Age : 18 Yrs.**   **Village: Sayera - Dombivli**

| Individual Donors | |
|---|---|
| Previous Case No. 183 Balance | 40,249.00 |
| Previous Case No. 196 Balance | 34,649.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org   Email: Seva@kdosm.org   Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

### Sanjivani Case - 212

**Name:Mrs. Jayaben Ratanshi Dharamshi** **Age : 78 Yrs.** **Village: Sandhan - Dombivli**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 50,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree KDO Jain Gnati Mahajan, Sandhan | 25,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shree KDO Mandal, Dombivli | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher … A Silent Donor | 2,01,000.00 |
| Shri Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 25,000.00 |
| Shri Shantilal Khimji Nagda(H: Smt. Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| Well Wisher - A Silent Donor | 10,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 10,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Silent Donor | 5,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 5,000.00 |
| Shri Dhirish Javerchand Dharamshi, Kothara - Bijapur | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Matushree Jayaben Motilal Lodaya Parivar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shrimati Ratanbai bhawanji Lodaya, Chintan Graphics - Ghatkopar | 2,500.00 |
| Shrimati Sarla Lalji velji Lodaya, Varapadhar - Dombivli | 2,500.00 |
| Shrimati Leelavanti Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Shailesh Jethalal Nagda, Mulund | 2,500.00 |
| Shri Dhairya Shailesh Nagda, Mulund | 2,500.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 1,500.00 |
| Shri Amit Jethalal Khona, Naliya - Dombivli | 1,001.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadiya - Malkapur | 1,000.00 |
| Shri Surendra Laxmichand Lodaya, Varapadhar - Chalisgaon | 999.00 |
| Shri Shrikant Bankimchand Shah(Lodaya), Raichur | 500.00 |
| Shri Dilip Manilal Khona | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

|| શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી શાંતિનાથાય નમો નમઃ || || શ્રી મહાવીરસ્વામિને નમઃ ||

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - નિતિ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદય ગુરૂભ્યો નમઃ

આર્ય કપિલ કેવલી ભદંત દ્વારા પ્રતિષ્ઠિત
જિનશાસનના દાનવીર દાતાશ્રી જગડુશા શ્રેષ્ઠીની પાવન જન્મભૂમી
પ્રાચીન શ્રી ભદ્રેશ્વરજી મહાતીર્થે અઠ્ઠમ તપોત્સવ

આયોજક

shantijin

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ

## આપને સાદર પ્રણામ સહ આવકારે છે... પધારશો...

**દિવ્યકૃપા :**

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા., અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ આજ્ઞા આશિષ નિશ્રા મહોદધિ :**

સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તિ
આગમ દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આદિ કચ્છમાં વિચારતા પ.પૂ. મુનિ ભગવંતો તથા પ.પૂ. સાધ્વીશ્રી ભગવંતોને વિનંતી કરેલ છે. તેઓ અનુકુળતાએ પધારશે.

**શુભનિશ્રા :**

શિવમસ્તુ (સમવસરણ જિનાલય) જૈન તીર્થના કુશળ શિલ્પી પ.પૂ. ઉપાધ્યાય ભગવંત શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. ના શિષ્યરત્નો
પ.પૂ. પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.
તપસ્વીરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. પધારશે.

**શ્રમણીગણ :**

પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.,
પ.પૂ. સાધ્વીશ્રી જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી હિતાર્થગુણાશ્રીજી મ.સા. પધારશે.

શુભદિન મહોદધિ પોષ વદ ૪ મંગળવાર તા. ૬-૦૧-૨૦૨૬ મુંબઈ થી શુભ પ્રસ્થાન અઠ્ઠમ તપના તપસ્વીઓ પ્રેમે પધારજો...
શ્રી ભદ્રેશ્વરજી તીર્થે આગમન પોષ વદ ૫ બુધવાર તા. ૭-૦૧-૨૦૨૬ ના
શ્રી ચક્રેશ્વરી દેવી, અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાલી માતાજીની ભક્તિ-ભાવના બપોરના ૨.૩૦ થી ૪.૦૦ કલાકે
તપસ્વીઓના અત્તર વાયણા સાંજના ૪.૩૦ કલાકે

## અઠ્ઠમ તપ પ્રારંભ

| | |
|---|---|
| **પ્રથમ દિવસ**<br>પોષ વદ ૬, ગુરૂવાર<br>તા. ૮-૦૧-૨૦૨૬ | ત્રણ દિવસ પ્રતિદિન સવારના રાઈ પ્રતિક્રમણ તથા ૬.૩૦ થી ૭.૩૦ સેવાપૂજા, સામુહિક ચૈત્યવંદન, ગુરૂવંદન ૭.૩૦ થી ૮.૩૦ કલાકે સામુહિક સ્નાત્રપૂજા, સાંજના ૬.૦૦ કલાકે ભક્તિ સંધ્યા, ભવ્યાતિ ભવ્ય અંગ રચનાના દર્શન, ૭.૦૦ કલાકે પ્રતિક્રમણ, રાત્રે ભક્તિ ભાવના, જાપની ૧૨૫ માળા ત્રણ દિવસ કરવાની રહેશે. સવારના ૯.૦૦ થી ૧૨.૩૦ કલાકે શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક શ્રી શાંતિધારા અષ્ઠોત્તર અભિષેક બપોરે ૩.૦૦ થી ૪.૩૦ કલાકે જિનવાણી ગંગા. |
| **દ્વિતીય દિવસ**<br>પોષ વદ ૭, શુક્રવાર<br>તા. ૯-૦૧-૨૦૨૬ | સવારના ૯.૦૦ થી ૧૨.૩૦ કલાકે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન<br>બપોરે ૩.૦૦ થી ૪.૩૦ કલાકે પ્રવચન પ્રસાદી |
| **તૃતીય દિવસ**<br>પોષ વદ ૮, શનિવાર<br>તા. ૧૦-૦૧-૨૦૨૬ | સવારના ૯.૦૦ થી ૧૨.૩૦ કલાકે શ્રી મહાવીર સ્વામી મહાપૂજન<br>બપોરના ૨.૦૦ કલાકથી ૩.૩૦ કલાકે ગુરૂ સત્સંગ<br>૩.૪૫ કલાક થી તપસ્વીઓની અનુમોદના |
| **ચતુર્થ દિવસ**<br>પોષ વદ ૯, રવિવાર<br>તા. ૧૧-૦૧-૨૦૨૬ | સવારના સેવા-પૂજા, સામુહિક ચૈત્યવંદન<br>૭.૩૦ થી ૭.૪૫ ગુરૂવંદન પચ્ચક્ખાણ<br>૮.૦૦ કલાકે તપસ્વીઓના પારણા, અનુમોદના |

વિધિકાર : કેવલભાઈ સાવલા, કેપા-ડોંબિવલી • સંગીતકાર : કૌશીક બારોટ, પાલીતાણા

**અઠ્ઠમ તપના સંપૂર્ણ આયોજનના લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો**

**માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પદમશી લોડાયા (પીર) - (સુથરી - મુલુંડ)**
**માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી લોડાયા (પટેલ) - (સાંધવ - મુલુંડ)**

**-: શુભ સ્થળ :-**

શ્રી ભદ્રેશ્વર (વસઈ) જૈન તીર્થ, તા. મુન્દ્રા, પીન - ૩૭૦ ૪૧૦.
મો.: 98205 40949 / 63522 23871

લિ. જયેશ જૈન (ચેરમેન)
ગોવિંદજી પટેલ (વાઈસ ચેરમેન) પ્રવિણ લોડાયા (વાઈસ ચેરમેન)
વિપુલ પટેલ (પ્રેસિડેન્ટ) વીરેન્દ્ર લોડાયા (વાઈસ પ્રેસિડેન્ટ)

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

# શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
# મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**


| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ડિસેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૦/૨૭ ડીસેમ્બર ૨૦૨૫ | શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના અનંત ડાયગ્નોસ્ટિક, મુલુંડમાં હોમિયોપેથીક કેમ્પ. સાંજે ૫.30 થી ૮.30 ક. રજી. ફરજિયાત - ૮૮૭૯૯૯૦૯૮૭ |
| તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી કુન્થુનાથ જિનાલય, રાયપુરઃ ૨૫ મુ રજત જયંતી ધ્વજારોહણ મહોત્સવ શ્રી છતિસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર. |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | નલિયા-ખોના ફળિયામાં બિરાજમાન ખોના ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી  તથા શ્રીજી પીરને નમતા નલિયા, જખૌ, સાંયરા, મંજલ રેલડિયા તથા ગોએરસમા ગામના ભાવિકોની પહેડી. સવારના ૮:30 કલાકેથી હોરીઝોન હૉલ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ) |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત રમતોત્સવ ૫.0 બપોરે 3.00 ક. થીઃ કાલિદાસ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, મુલુંડ. |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | કુરૂવા પરિવારઃ એ. જી. એમ. તથા મેળાવડો સવારે ૧0.00 ક. થી બાલ મંદિર, અનંત નિવાસ, ભાત બજાર, મુંબઈ |
| તા. 3/૪ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી આયોજિત માથેરાન સહેલગાહ પ્રવાસ. નામ નોધણીઃ તા. ૨૮.૧૨.૨૫ સુધી. સંપર્કઃ મો. ૯૩૨૧૭૦૫૫૧૧ |
| તા. 3 થી ૫ જાન્યુઆરી ૨૦૨૬ | દેવલાલી મા શ્રીમતી માલતીબેન જયંત સોની અનંત આરોગ્ય ધામ સંકુલમાં શ્રી નવલ સદગુણા નવગ્રહ ધ્યાનાલયનો ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત અઠ્ઠમ તપ આરાધના ભદ્રેશ્વર તીર્થ. |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | સેવક ભરુડીયા દંડ પરીવારના કુળદેવી શ્રી સચ્ચામા ની સમુહ પહેડી તથા સ્નેહ મિલન : સવારે ૮.30 ક. થી : જૈનમ હોલ, ભાડુંપ |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા વાર્ષિક સામાન્ય સભા બપોરે ૨.30 ક. થી, સ્નેહમિલન સાંજે ૫.00 ક. થી જૈનમ હોલ, ભાડુંપ. |
| તા. ૨૦/૨૧/૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | તેરા તીર્થે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયના ૧૬૮ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલયના ૨૦૫ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | ગોરંગ બાલુડો પોલડીયા પરીવાર આયોજિત ગોએરસમા રંગપુર બારોઈ બાયઠ લુણી તથા ડુમરા (ગોરંગ બાલુડો) ના પોલડીયા પરીવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીને નમતા ભાવિકોની પંદરમી પહેડી સવારે ૮.00 ક. થી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા. |
| તા. 0૧ ફેબ્રુઆરી ૨૦૨૬ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી સવારે ૯.00 ક. થી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**કપૂરચંદ મેપાણી**
તા.૨૧ ડિસેમ્બર (ઉ.૮૨)
પરજાઉ-મુલુંડ




**મહાલક્ષ્મીબેન લોડાયા**
તા.૨૧ ડિસેમ્બર (ઉ.૯૧)
નલિયા-મુલુંડ



**કૌશિકાબેન શિયાળ**
તા.૨૨ ડિસેમ્બર (ઉ.૮૫)
જખૌ-અમદાવાદ



**હીરાચંદ મોમાયા**
તા.૨૪ ડિસેમ્બર (ઉ.૭૯)
સાંયરા-ઘાટકોપર



**પ્રદીપભાઈ લોડાયા**
તા.૨૫ ડિસેમ્બર (ઉ.૫૬)
સાંયરા-વર્ધમાન નગર



**દિલીપભાઈ લોડાયા**
તા.૨૫ ડિસેમ્બર (ઉ.૭૧)
તેરા



**જયાબાઈ લોડાયા**
તા.૨૫ ડિસેમ્બર (ઉ.૭૯)
નલિયા-માણાવદર

**મયયા**
તા.૨૦ ડિસેમ્બર (ઉ.૮૯)
નલિયા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● અબડાસા વિધાનસભા ક્ષેત્રના નખત્રાણા, લખપત, અબડાસામાં પશુપાલન વ્યવસાયનો મોટા પ્રમાણમાં વિકાસ થવાથી પશુઓને તબીબ સારવાર ઉપલબ્ધ કરવાની આવશ્યકતા અંગે ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા દ્વારા સરકાર સમક્ષ કરેલી દરખાસ્તથી આઠ જેટલાં પશુ દવાખાના નવનિર્માણ કરવા માટે મંજૂરી મળી છે. સરકારના કૃષિ કલ્યાણ અને સહકારી વિભાગ દ્વારા આઠ પશુ દવાખાના મંજૂર થયા છે તે પૈકી અબડાસા, જખૌ, વાયોર, સુથરી, વિંઝાણ, મોથાળા, નરેડી, લખપત તાલુકાના નારાયણ સરોવર અને નખત્રાણાના વિથોણ ગામ છે.

● ૬૩ વર્ષીય અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાને રાજ્યમંત્રી મંડળમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના મંત્રી તરીકે સમાવેશ કરાયો છે. આર્ટસ ડિગ્રી મેળવ્યા બાદ મુંદરામાં બીએડ કર્યું. એક વર્ષ એલ.એલ.બી.કર્યા બાદ ભુજની સ્વામિનારાયણ શાળામાં શિક્ષક તરીકે જોડાયા ૩૭ વર્ષની ઉંમરે તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાયા ત્યારબાદ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે વરાયા. સાદાઈ અને નમ્રતાના ગુણ ધરાવતા આ શિક્ષક એ સમયે રતનાલથી ભુજ એસટી બસમાં આવતા જતાં હતાં. ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી પણ બસથી ગાંધીનગર જવાનું પસંદ કરતા મોટાઈ કરીને દેખાડો કરવાનો તેમનો સ્વભાવ નથી. દંભ કરવામાં તેઓ માનતા નથી. ધનતેરસના દિવસે તેમને ફાળવાયેલ ખાતાનો ચાર્જ સંભાળ્યો.

● દક્ષિણ ગુજરાતના વલસાડ, વાપી, દમણ, સેલવાસ વિસ્તારમાં પાંચ લાખથી વધુ કચ્છીઓ વસવાટ કરે છે. તેમને વતન જવા માટે રેલવે સેવા અપૂરતી હોવાથી કચ્છ જતા પ્રવાસીઓને કન્ફર્મ ટિકિટ મળવી મુશ્કેલ છે. એવી રજૂઆત વલસાડ આવેલા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ સાથે કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ, કચ્છી વીશા ઓસવાલ સમાજ, વાગડ સમાજ, પ્રજાપતિ, મિસ્ત્રી, પાટીદાર, ગઢવી, રાજપૂત, લોહાણા વગેરે સમાજના પ્રતિનિધિઓએ કરી હતી.

● ભૂકંપ પછી વિવિધ ઉદ્યોગોના આગમાન સાથો સાથ દેશના અન્ય વિસ્તારોથી રોજગારી અર્થે વિવિધ રાજ્યોના લોકો સતત આવી રહ્યાં છે. ઉદ્યોગ, કૃષિ ક્ષેત્રે અને પ્રવાસન ક્ષેત્રે કામ કરી પોતાની રોજગારી રળે છે. મૂળ હરિયાણાના વતની હોય એવા અનેક પરિવારો અબડાસામાં ડેરા જમાવ્યાં છે. અબડાસાના મુખ્ય વેપાર મથક કોઠારામાં હરિયાણાથી પાંચ હજાર હરિયાણી મીઠાઈ દિવાળીના તહેવારો માટે આવી. અત્રેના વાડી વિસ્તારમાં હરિયાણા, પંજાબના લોકોની વસતી નોંધપાત્ર છે અને હાલે કપાસની સિઝન હોતા ચૂસિયા લોકો પણ આવેલા છે. જેથી ત્યાંના લોકોને ત્યાંની મીઠાઈ અહીં મળે તે આ મીઠાઈનો જથ્થો સ્થાનિક વેપારીઓએ મગાવ્યો છે.

● ઓમાન સલ્તનતના મસ્કત ગુજરાતી સમાજ દ્વારા દિવાળીની ઉજવણીનું આયોજન થયું હતું. ભારતીય ડાયસ્પોરા માટે સમુદાય ભાવના અને સાંસ્કૃતિક સીમાચિહ્ન બની ગયો હતો. બે દાયકાથી વધુ સમયથી મસ્કત ગુજરાતી સમાજ દ્વારા આ જીવન ઉજવણીનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં ફૂડ સ્ટોલ, કલા અને હસ્તકલા પ્રદર્શનો રાંધણ પ્રતિભા, કલાત્મક અભિવ્યક્તિઓ અને ઉદ્યોગ સાહસિક કુશળતા પ્રદર્શન કરવા માટે એક અનોખું પ્લેટફોર્મ આ કાર્યક્રમ પ્રદાન કરે છે. ઓમાન સલ્તનતમાં ભારતના રાજદૂત જી.વી.શ્રીનિવાસન કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. ત્રણ સ્ટોલ્સને તેમની સર્જનાત્મકતા અને પ્રસ્તુતિ માટે પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

● સુપ્રસિદ્ધ રામાયણ કથાકાર મોરારિબાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં પ્રતિ વર્ષ અર્પણ થતાં સંતવાણી એવોર્ડની શ્રેણીમાં આ વર્ષે અઢારમો એવોર્ડ સમારોહ વર્ષ ૨૦૨૫માં જખૌના વિખ્યાત બેન્જોવાદક ધીરજ સિંહ પાંચુભા અબડાને એવોર્ડ એનાયત કરાયો. ધીરજસિંહ બેન્જોવાદક સાથે સિતાર વાદનમાં પણ સારી પકડ ધરાવે છે.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank